Date :- 25-10-2024
Sandesh, Page-08, Surat

# મેટ્રોને જગ્યા આપવા સ્થાયી સમિતિની લીલીઝંડી

સુરત

સુરત મહાનગર માટે મહત્ત્વાકાંક્ષી અને મહામૂલા ગણાતા બે મોટા પ્રોજેક્ટો મેટ્રો અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબને જરૂરી જગ્યાનું કોકડું ઉકેલવા માટે પાલિકામાં શાસકો સમક્ષ દરખાસ્ત રજૂ કરાઈ હતી. તે પૈકી મેટ્રો ડેપો અને સ્ટેશન બનાવવા અડાજણમાં ત્રણ ઠેકાણે ભાડાપટે જગ્યા આપવાની મંજૂરી આપવામાં આવી હતી. બીજી બાજુ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ માટે વરાછામાં બે ઠેકાણે ફરજિયાત જમીન સંપાદનની બાબત મુલતવી રાખવામાં આવી છે. વરાછાની જમીનના સંપાદન મુદ્દે શાસકોએ સ્થળ તપાસ બાદ નિર્ણયનું વલણ અપનાવ્યું છે.

નોંધનીય છે કે, મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ પ્રોજેક્ટના આયોજન અંતર્ગત એલીવેટેડ રોડ માટે ફાઈનલ ટી.પી. સ્કીમ નંબર-૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફાઈનલ પ્લોટ.૨૬૬-૨ (ક્ષેત્રફળ-૧૧૫ ચો.મી.) તથા ફાઈનલ પ્લોટ નં. ૨૬૭ (ક્ષે.૫૫ ચો.મી.) મળી કુલ ૧૭૦ ચો.મી.વાળી જમીનો વાટાઘાટથી મેળવી શકાય તેમ ન હોવાથી ફરજિયાત સંપાદન કરવાની દરખાસ્ત શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આવી જ એક અન્ય દરખાસ્તમાં વરાછા ઝોનમાં ફાઈનલ ટી.પી. સ્કીમ નંબર-૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફાઈનલ પ્લોટ નંબર-૨૭૩ પૈકી ૨૮૬ ચો.મી. વાળી જમીનના સંપાદનની તૈયારી દર્શાવાઈ હતી. જોકે, અસરગ્રસ્તોની સ્થિતિ, સ્થાનિક લોકોની રજૂઆત, સ્થળ તપાસ સહિતના પાસાની ચકાસણી કરવાના હેતુ સાથે જમીન સંપાદનની આ દરખાસ્ત મુલતવી રાખવામાં આવી હતી. બીજી બાજુ અડાજણમાં ફાઈનલ ટી.પી.-૩૧ની ૨૯૬ ચોરસમીટર, ટી.પી.-૩૨માં આવેલી ૫૮૮ ચોરસ મીટર અને ૮૨૨ ચોરસ મીટર જગ્યા ભાડાપટે આપવાની દરખાસ્તને મંજૂરી અપાઈ હતી.